

# બિલ્લીમાસી છમછમ

– ગિરા પિનાકીન ભટ્ટ

'બા, બા... આ બિલ્લીમાસી ઉપરથી પડી, એને વાગ્યું હશે ?...' 'ના બેટા, એને ના વાગે હોં....એમ કહેતાં બબલીની બા કામે વળ્યાં. લપાતી–છુપાતી બિલ્લીમાસી બબલીની પાસે આવી. પછી આંખો પટપટાવતી બોલી,

**'બબલીના પગે છમછમ,**

**મારા પગ તો ખાલી ખમ.'**

'બિલ્લીમાસી, હું તને છમછમ આપીશ હોં...'

'હા, મને છમછમ બહુ ગમે....તારી બાને કે'ને કે...મને પણ છમછમ પહેરાવે.

**'મારી બા ને કહીશ,**

**તને છમછમ દઈશ.'**

આ સાંભળી બિલ્લીમાસી ખુશ–ખુશ થઈ ગઈ. એ તો નાચતી જાય, કૂદતી જાય ને મ્યાઉં... મ્યાઉં... મ્યાઉં કરતી જાય. બબલીને એના ખેલ જોવાની મજા પડી ગઈ. થોડીવારમાં જ બન્ને સાહેલીઓ બની ગઈ. પાક્કી સખીઓ, એક–બીજા વિના ન ગમે એવી. વાત–વાતમાં બબલી બોલી : 'બિલ્લીમાસી, એક વાત પૂછું ?'

'હા...હા... પૂછને..., એક શું અગિયાર પૂછને.'

'તું આમ ઓટલા ઉપરથી કૂદે ને પાળી પરથી કૂદે, બારીમાંથી કૂદે ને દરવાજેથી... તારા પગ પછડાય છે તો તને વાગતું નથી ? મને તો બહુ વાગે છે હોં...'

'ના બબલી ના, મને તો નથી વાગતું. તું જો...મારા પગના પંજામાં ગાદી છેને એટલે... હું ઉપરથી પછડાઉં તો ય મને ના વાગે. વળી.... હું તો દૂધ પીઉં, દહીં ખાઉં... ઘી ખાઉંને દોડા–દોડ કરું.'

'બિલ્લીમાસી, દૂધ–દહીં ને ઘી તો હું પણ ખાઉં છું. પણ... મારા પગમાં તારા પગ જેવી ગાદી નથી, એટલે તારા જેમ મારાથી ન કૂદાય. તું કૂદીને બા પાસે આવ... હું દોડીને બા પાસે જાઉં છું હોં...

પછી બન્ને હરખથી ગાવા લાગ્યા...'

**'બાની પાસે જઈશું,**

**છમછમની વાત કહીશું...'**

'હા... હા... હા...બબલી, જો હું તો આવી ગઈ તારા કરતાં પહેલાં....' બન્નેની વાત સાંભળી બા ખડખડાટ હસી પડયાં. ને બિલ્લી માસી ના પગે ઘમઘમ ઘુઘરીઓ પહેરાવી. પછી તો...

**'બબલી દોડી ધમધમ,**

**બિલ્લીના પગે છમછમ.'**

■